ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી**

તા:૦૬/૦૫/૨૦૧૬

**પ્રતિ,**
**તંત્રીશ્રી,**

**..............................,**

**ભાવનગર.**

## બુધ સંક્રમણ નિહાળવા કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,ભાવનગર દ્વારા તખ્તેશ્વર મંદિર ખાતેઓડીયો વિઝયુલ કાર્યક્રમનું આયોજન.

ખગોળશાસ્ત્ર માનવજાત માટે હંમેશા એક ચમત્કાર જેવો રહસ્યમય વિષય રહયો છે. અવકાશ વિજ્ઞાનને જાણવું કે સમજવું સામાન્ય વ્યકિતઓ માટે ઘણોજ મુશ્કેલ છે. તેમાં થતી તમામ ઘટનાઓ અવિસ્મરણીય અને અકલ્પનીય  છે. આવીજ એક ઘટના ૯મી મે ના રોજ બનવા જઈ રહી છે. આ અનોખી ઘટનામાં બુધ ગ્રહ સુર્યની સપાટી પરથી એક કાળા ટપકાંની માફક પસાર થતો જોવા મળશે. જે ઘટનાને  બુધ ના પારગમનની ઘટના કહેવામાં આવે છે. ૯મી મે ના રોજ થનાર આ ઘટના સાંજે ૪:૩૦ થી ૦૭:૧૧ સુધી જોઈ શકાશે.

બુધ ગ્રહ આપણી સુર્યમાળામાં પ્રથમ ગ્રહ છે. જે સુર્યની સૌથી નજીકનો ગ્રહ છે. આપણાં બહ્માંડમાં તમામ ગ્રહો પોતાની ધરી પર ભ્રમણ કરવાની સાથે સુર્યની આસપાસ પણ ભ્રમણ કરે છે જેને કારણે આ ઘટના વિશિષ્ટતાથી ભરપુર છે. આ પ્રકારની ઘટના ૧૦૦ વર્ષમાં ફકત ૧૩ વખત બનવા પામે છે. આ ઘટનાચક્ર અલગ અલગ સમયગાળામાં જેમકે ૧૩, ૭, ૧૦, અને ૩ વર્ષનાં સમયાંતરે બનતું હોય છે. ગત તા.૮ નવેમ્બર, ૨૦૦૬માં આ પ્રકારની ઘટના બનેલી. ૯મી મે, ૨૦ ૦૧૬ પછી હવે આ ઘટના ૧૧ નવેમ્બર,૨૦૧૯ અને ૧૩ નવેમ્બર, ૨૦૩૨માં થશે. ૨૦૧૯માં થનારી આ ઘટનાને ભાવનગરમાં જોઈ શકાશે નહિ.

આ ઘટનાને નિહાળવા માટે ટેલિસ્કોપ  સાથે ખાસ પ્રકાર ફીલ્ટર લગાવવાના હોય છે. જે માટે ભાવનગર શહેરમાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા. ૯મી મે, ૨૦૧૬ના રોજ તખ્તેશ્વર મંદિર ખાતે સાંજે ૪:૩૦ થી ૭:૧૧ વાગ્યા દરમ્યાન વ્યવસ્થા કરવામાં આવનાર છે.

આ ઘટનાને નિહાળવાનો મહત્તમ લાભ લેવા માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન ડૉ.ભાવેશભાઈ ભરાડ નિમંત્રણ પાઠવે છે. અને સાવચેતી સાથે આ ઘટના નિહાળવાની જાહેર જનતાને અપીલ કરે છે.

હર્ષદ જોષી
(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.